SpellIndia
INDIA's No. 1
SPELLING BEE
Preparatory Study Material Provider
www.phonicsestore.com

ICSE ACADEMY
www.spellbeeacademy.com

Pati's

# PREPARE

for

# ICSE

Class 10

# Gujarati

Questions ONLY

A Collection of Questions from Prelim exam papers of various ICSE schools

Pati's

# ICSE ACADEMY:
# How to Prepare for ICSE Class 10 exams

https://www.spellbeeacademy.com/icse.html

## How to Prepare for ICSE Class 10 exams : Free Resources

Please click on subject to proceed further.

We will keep adding resources here till "March 2026".

So, save this link, keep visiting and stay updated.

( Resources include : Syllabus, Past Year Papers, Specimen Papers, Competency based Questions, Books pdf downloadable, 350+ Term Papers / Prelim Papers of various schools - across subjects, etc. )

01 English Literature
02 English Language
03 Geography
04 History & Civics
05 Physics
06 Chemistry
07 Mathematics
08 Biology
09 Computer Applications
10 Physical Education
11 Hindi
12 Commercial Studies
13 Economics
14 Technical Drawing
15 Environmental Science
16 Home Science
17 Gujarati
18 Marathi
19 French

**SCAN QR code to buy the book at amazon NOW.**

















**Scan QR code** for Free Access to
500+ Prelim Papers across 20 subjects


















# Set 2 : Tests 1 to 3

1. CNM School, Mumbai
2. Jamnabai Narsee School, Mumbai
3. NSM School, Mumbai

# QUESTION PAPER 1

| STD | DATE | SECOND TERMINAL EXAMINATION | TIME | MAX MARKS |
| --- | --- | --- | --- | --- |
| X | | GUJARATI | 3 hours | 80 |
| Number of printed pages –6 | | | | |

**Answers to this paper must be written on the paper provided separately.**
**You will not be allowed to write during the first 15 minutes.**
**This time is to be spent in reading the question paper.**
**The time given at the head of this paper is the time allowed for writing the answers.**

---

*This paper comprises two sections: Section A and Section B*

*Attempt all the questions from Section A*

*Attempt **four**questions from Section B*

*The intended marks for questions or parts of questions are given in brackets [].*

---

**SECTION – A (40 Marks)**
**(All questions are compulsory)**

**પ્ર.૧ નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** **[15]**

૧. ઈશ્વરે આપેલી અણમોલ ભેટ એટલે મિત્રતા.મિત્રની જરૂર- સાચી મિત્રતા- તમારા મિત્રના ગુણો- કરેલી મદદનું વર્ણન કરતો નિબંધ લખો.

૨. મારા જીવનનું લક્ષ્ય – લક્ષ્યની જરૂર – કયું લક્ષ્ય? - મેળવવા કયા પ્રયત્ન – કયા કાર્ય- લક્ષ્ય પ્રાપ્તિ માટે તમારો આદર્શ – સફળતાનું રહસ્ય. વર્ણવતો નિબંધ લખો°

3. એ.આઈ. માનવ માટે મદદરૂપ છે, સાથે વિનાશ પણ નોતરી રહ્યું છે 'આ વિધાન અંગે તમારું મંતવ્ય રજૂ કરતો નિબંધ લખો.

૪. '------------અને એ દિવસ સમજાયું કે છેવટે માનવી કુદરત પાસે લાચાર છે.'

૫. નીચે આપેલા ચિત્રને આધારે વાર્તા કે પ્રસંગ લખો.



Pati's
ICSE ACADEMY

પ્ર.૨. નીચે આપેલા વિષયમાંથી કોઈપણ એક વિષય પર પત્ર લખો. [7]

૧. સાઇબર ફ્રોડના વધી રહેલા ગુના સામે કઈ કઈ સાવધાની રાખવી જોઈએ તેની માહિતી આપતો પત્ર દાદાને લખો.

૨.તમે કોઈ પ્રવાસના સ્થળે ફરવા ગયા હતા ત્યાં જોયેલી ગંદકી અંગે ફરિયાદ કરતો પત્ર તે રાજ્યના પર્યટન મંત્રાલયના અધિકારીને લખો.

પ્ર.૩. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેના આધારે પ્રશ્નોના જવાબ લખો. [10]

રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. રાજેન્દ્રપ્રસાદ જ્યારે વકીલાત કરતા હતા તે સમયનો એક પ્રસંગ છે. અદાલતમાં તેઓ એક બાહોશ અને કુશળ ધારાશાસ્ત્રી તરીકે પ્રસિદ્ધ હતા. જે અસીલનો કેસ તેઓ હાથમાં લેતા એમાં અમુક અસીલને જીતાડી આપતા. તેમની કાયદાની સૂઝ ખૂબ ઊંડી હતી, પણ અસત્યનો જ્યાં આશરો લેવો પડે એવા કેસને તેઓ હાથમાં લેતા નહોતા. અસત્યથી પ્રાપ્ત થતી કમાણીને તેઓ કદી ઇચ્છતા નહોતા.

એકવાર એક માણસ તેમની પાસે આવ્યો અને પોતાનો કેસ લડવા તેણે રાજેન્દ્રબાબુને આગ્રહ કર્યો. એટલું જ નહીં, એ કેસ હાથમાં લેવાય તો ઘણી મોટી ફી આપવાની પણ તેણે પોતાની તૈયારી બતાવી.

રાજેન્દ્રબાબુએ કહ્યું, 'તમે કેસનાં કાગળિયાં મારી પાસે મૂકતા જાઓ. આજે રાતે હું જોઈ લઈશ અને કાલે તમને જવાબ આપીશ.'

આખી રાત તેમણે કાગળિયાં તપાસ્યાં.

બીજે દિવસે પેલો માણસ તેમની પાસે આવ્યો કે તરત જ રાજેન્દ્રપ્રસાદે તેને કાગળિયાં પરત કર્યાં અને કહ્યું, 'તમારો કેસ હું લડી શકીશ નહિ.'

પેલાએ કારણ પૂછ્યું તો રાજેન્દ્રબાબુએ કહ્યું, 'તમારી પાસે બધા જ પુરાવાઓ છે. તમે સોએ સો ટકા કેસ જીતી જાઓ છો. છતાં તમે એક વિધવા બાઈ સામે કેસ કર્યો છે. તમે જીતો એનો અર્થ એવો થાય કે એ વિધવા બાઈનો રોટલો ઝૂંટવાઈ જાય, એ સાવ નિરાધાર બની જાય. તમને એની મિલકત મળે. તેથી તમને તો આનંદ થાય, પણ એ બિચારી વિધવાનું શું? એણે તો ભૂખે મરવાના દિવસો જ જોવાના રહે! મારી તો તમને સલાહ છે કે તમે એ વિધવાની સામે કેસ કરવાનું માંડી જ વાળો. આમ કરવામાં માનવતા છે; અને એક વાત સદા યાદ રાખો કે કોઈની આંતરડી કકળાવીને પ્રાપ્ત કરેલી મિલકત તમને સંતોષ નહિ આપે, તમારા આંતરિક સંતોષને એ નષ્ટ કરશે. આમ છતાં જો તમે એ વિધવાની સામે કેસ કરશો તો હું વિધવાનો બચાવ કરીશ અને તેની પાસેથી ફીની એક રાતી પાઈ પણ લઈશ નહિ!' અને અસીલે પેલી વિધવા સામે કેસ કરવાનું માંડી વાળ્યું!

**પ્રશ્નો:**

૧. ડૉ.રાજેન્દ્રપ્રસાદ ભારતના કયા સર્વોચ્ચ પદે બિરાજમાન હતા?વકીલ તરીકે તેમની પ્રસિદ્ધિનું કારણ શું હતું? (2)

૨. રાજેન્દ્રપ્રસાદ કેવા કેસ લડતા નહિ? શા માટે? (2)

૩. માણસે રાજેન્દ્રપ્રસાદને કયો આગ્રહ કર્યો? માણસે કઈ તૈયારી બતાવી? (2)

૪. રાજેન્દ્રપ્રસાદે કેસ લડવાની કેમ ના પાડી? (2)

૫. રાજેન્દ્રપ્રસાદે આપેલી સલાહનું પરિણામ શું આવ્યું તે જણાવી, ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો? (2)

Pati's ICSE ACADEMY

પ્ર.૪. સૂચના અનુસાર કરો. [8]

(૧) 'માખો મારવી' રૂઢિપ્રયોગ માટે નીચેનામાંથી કયું વાક્ય સાચું છે? (1)

a. રમેશ માખો મારતો હતો.

b. રમેશ વરસાદ હોવાથી માખોને મારતો હતો.

c. ધંધો થવાથી રમેશ માખો મારતો હતો.

d. કામ ન હોવાથી રમેશ માખો મારતો હતો.

(૨) શરીર અને માખણનો ગોળો માટે નીચેનામાંથી કયો દ્વિઅર્થી સાચો છે. (1)

a. માખણ

b. પિંડ

c. ઘટ

d. પાયો

(3) 'રોગનું નિદાન કરવું' શબ્દસમૂહ માટે સાચો શબ્દ શોધો. (1)

a. પ્રદક્ષિણા

b. નામશેષ

c. ચિકિત્સા

d. નિરાધાર

(૪) ખેડૂતે પોતાની મહેનતથી વેરાન જમીનમાં પાક લઈ તેને________બનાવી. (લીટી દોરેલા શબ્દનો વિરોધી શોધો.) (1)

a. ઉજ્જડ

b. ફળદ્રુપ

c. પોકળ

d. નીરસ

(૫) લીટી દોરેલા શબ્દની જાતિ બદલતાં બનતું સાચું વાક્ય શોધો. (1)

સેવકે દરબારમાં આવીને સમાચાર આપ્યા.

a. સેવિકા દરબારમાં આવ્યો ને સમાચાર આપ્યા.

b. સેવિકા દરબારમાં આવીને સમાચાર આવ્યા.

c. સેવિકાએ દરબારમાં આવીને સમાચાર આપ્યું.

d. સેવિકાએ દરબારમાં આવીને સમાચાર આપ્યા.

Pati's
ICSE ACADEMY

(૬) ગુરુજી, હું કૃષ્ણની ભક્તિ કરું છું. (નીચેનાં વાક્યમાંથી નામના સાચા પ્રકાર લખો.) (1)

a. ગુરુજી-જાતિવાચક, કૃષ્ણ, ભક્તિ-વ્યક્તિવાચક

b. ગુરુજી-જાતિવાચક, કૃષ્ણ-વ્યક્તિવાચક, ભક્તિ-ભાવવાચક

c. ગુરુજી, કૃષ્ણ-જાતિવાચક, ભક્તિ-ભાવવાચક

d. ગુરુજી, કૃષ્ણ-વ્યક્તિવાચક, ભક્તિ-ભાવવાચક

(૭) 'ભગવાને નારદમુનિને વીણા વગાડવા વિનંતી કરી. [વાક્યનું સાચું ભવિષ્યકાળનું વાક્ય શોધો.] (1)

a. ભગવાને નારદમુનિને વીણા વગાડવા વિનંતી કરી છે.

b. ભગવાન નારદમુનિને વીણા વગાડવા વિનંતી કરી રહ્યા છે.

c. ભગવાન નારદમુનિને વીણા વગાડવા વિનંતી કરશે.

d. ભગવાન નારદમુનિને વીણા વગાડવા વિનંતી કરી રહ્યા હતા.

(૮) નીચેનામાંથી સાચી જોડણીવાળું વાક્ય શોધો. (1)

a. માણસ જમીન પર શાંતિથી સૂઈ ગયો.

b. માણસ જમીન પર શાંતિથી સુય ગયો.

c. માણશ જમીન પર શાંતીથી સૂઈ ગયો.

d. માણસ જમીન પર શાંતીથી સૂઈ ગયો.

## Section – B [40 marks]
(Attempt any four)

## સાહિત્યગુર્જરી (ટૂંકીવાર્તા)

પ્ર.૫ નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

"પાંચમા પરણામ મારા વેરીડાને કહેજો રે
પાટુએ ઉઘાડ્યાં અંતરદ્વારજી."

પરણામ મારા-રામનારાયણ પાઠક

૧. વેરીનો સમાનાર્થી આપી, કવિએ વેરીને પ્રણામ કેમ કરે છે? (2)

૨. ધરતીમાતાના આપણે સૌ કઈ રીતે ઋણી છીએ? તેમનું ઋણ ઉતારવા તમે કયું એક કાર્ય કરશો? (2)

૩. કાવ્યમાં કયા બે પિતાને પ્રણામ કર્યા છે? શા માટે? (3)

૪. માતા અને જીવનસાથીનું જીવન ઘડતરમાં આપેલું યોગદાન વર્ણવો? (3)

Pati's
ICSE ACADEMY

પ્ર.નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો ક.. [10]

"ઢોલ અને શરણાઈ શેરીમાં વાગિયાં ને ગામ મને પરણાવી રાજી,
લીલીછમ મ્હોરવાની આશામાં ઊગેલી કૂંપળ તોડાઈ એક તાજી."

પાંચીકા રમતી'તી-મુકેશ જોષી

૧. જાન ક્યાં આવી? પરિણામે કન્યાનું શું ખોવાયું? તે કઈ કઈ રમતો રમતી હતી? (2)

૨. કન્યા કયા ઝાડ નીચે બેઠી હતી? શું કરતી હતી? તે કામ કેમ અધૂરું રહી ગયું? (2)

૩. કન્યા કોને, કઈ ફરિયાદ કરે છે? (3)

૪. લગ્ન વખતે કન્યા શું પહેરે છે? તે કેમ ઉદાસ છે? વિદાય સમયે પિતાની વેદના કેવી છે? (3)

પ્ર.૭ નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

"ન જાણો નિન્દું છું,
પરંતુ પૂછું છું,
તમારા હૈયાના ગહન મહીં યે આવું વસતું :"

બનાવટી ફૂલોને-પ્રહ્લાદ પારેખ

૧. બનાવટી ફૂલોનું મહત્વ કેમ વધારે છે? તેનો ઉપયોગ ક્યાં ક્યાં થાય છે? (2)

૨. 'બનાવટી ફૂલો'ના કાવ્યનો પ્રકાર જણાવી, કવિનો યુગ જણાવો? (2)

૩. સાચાં ફૂલો શેનો અનુભવ કરે છે? કેમ? (3)

૪. કવિ બનાવટી ફૂલોને કયો પ્રશ્ન પૂછે છે? તે દ્વારા કેવું જીવન જીવવાનો સંદેશો આપે છે? (3)

## <u>સાહિત્યગુર્જરી (કવિતા)</u>

પ્ર.૮ નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

"સર્વ સ્ત્રીઓ આ અદ્ભુત દૃશ્યની સુંદરતા, ભવ્યતા અને ભક્તિમાં લીન થઈ આત્મભાન ભૂલી સ્તબ્ધ ઊભી હતી."

જમનાનું પૂર-રામનારાયણ પાઠક

૧. સર્વ સ્ત્રીઓ કયું દૃશ્ય જોવામાં મગ્ન હતી? જમના નદીમાં તરતા દીવા કેવા લાગતા હતા? (2)

૨. 'તલપાપડ થવું'નો અર્થ લખી, સ્ત્રી શું જોવા તલપાપડ હતી? (2)

૩. પોતાનો દીવો પ્રવાહમાં તરતો મૂકવામાં સ્ત્રી કઈ રીતે સફળ થઈ? આ સફળતા અંતે કરુણતામાં કઈ રીતે બદલાઈ? (3)

૪. તમારા મતે સ્ત્રીનો કયો સ્વભાવ તેના કરૂણ અંતનું કારણ બને છે? આ વાર્તા જીવનનું કયું સત્ય રજૂ કરે છે? (3)

[10]

પ્ર.૯ નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

"આદર્શ ક્લબના પાટિયાં સામે બે ડગ ભરતાં એમણે ચશ્માંની દાંડી-દોરી જરા બરાબર કરી અને એ જાહેરાત ફરીથી વાંચી ગયા."

લાડુનું જમણ–પન્નાલાલ પટેલ

૧. દેવશંકરના પગ કેમ થંભી ગયા? તેમનું મન કયા ભૂતકાળમાં ખોવાઈ ગયું? (2)

૨. દેવશંકરને રાજીનામું કેમ આપવું પડ્યું? બીજા નોકરી ક્યાં મળી? (2)

૩. લાડુનું જમણ કેટલા રૂપિયામાં હતું? તે ખર્ચ્યા છતાં દેવશંકર લાડુ ખાધા વગર કેમ નીકળી ગયા? (3)

૪. ક્લબના માલિક કોણ હતા?તેમણે કરેલી ભૂલ સુધારવા કયા કયા પ્રયત્ન કર્યા?તેનું શું પરિણામ આવ્યું? (3)

[10]

પ્ર.૧૦. નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

"નાનકડો કુસુમાયુધ આજે મૂંઝવણ ભર્યો આનંદ અનુભવતો હતો. ગમે એવી, સારાં કપડાં ધારણ કરેલી, સ્મિતભરી કોઈ યુવતી ઘરમાં ફરતી હતી."

ખરી મા-રમણલાલ વ. દેસાઈ

૧. નવી યુવતીને ઘરમાં ફરતી જોઈ કુસુમાયુધ કયા વિચારે ગભરાયો? તેની આસપાસ કેમ ફરવા લાગ્યો? (2)

૨. પિતાએ પુનર્લગ્નનો નિર્ણય કેમ લીધો? નવી પત્ની પાસે તેમણે કઈ શરત મૂકી? (2)

૩. નવી મા બાળકને શું કહી સંબોધતી? કયા નિયમોનું પાલન કરાવતી? તેનું શું પરિણામ આવ્યું? (3)

૪. કુસુમાયુધ શેનો ભૂખ્યો હતો? તે ભૂખ ક્યારે અને કઈ રીતે સંતોષાઈ? તે પ્રસંગ વર્ણવો. (3)

*****************************************************************************

QUESTION PAPER 2

# FIRST PRELIMINARY EXAMINATION – GUJARATI (SECOND LANGUAGE)

**Std. 10**
**Duration: 3 hrs.**

---

*Answers to this paper must be written on the paper provided separately.*

*You will **not** be allowed to write during the first **15 minutes**.*

*This time is to be spent reading the question paper.*

*The time given at the head of this Paper is the time allowed for writing the answers.*

---

*Attempt all questions from **Section A** and **any four** questions from **Section B**.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

---

***This paper consists of 7 printed pages.***

## SECTION A (40 Marks)

*(Attempt **all** questions from this **Section.**)*

**Question 1**

**Write a short composition in Gujarati of approximately 250 words on any one of the following topics:-** **[15]**

નીચેના વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર ગુજરાતીમાં લગભગ ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો.


(i) મારી દૃષ્ટિએ વર્ષ ૨૦૫૦ની દુનિયા....

(ii) વિદ્યાર્થી માટે શાળા એ બીજું ઘર ગણાય તો વિદ્યાર્થી તરીકે શાળા માટેની તમારી જવાબદારી શું હોઈ શકે? તે જવાબદારી તમે કઈ રીતે નિભાવો છો? તમે શાળાને આગળ વધારવા માટે શું કરવા માગો છો? તે વિશે નિબંધ લખો.

(iii) તમને નાનપણથી પુસ્તકો વાંચવાની સરસ આદત છે. આ આદત તમને કઈ રીતે પડી? અને કઈ રીતે કામમાં આવી? તે વિશે પોતાના વિચારો વ્યક્ત કરતો નિબંધ લખો.

(iv) 'કુદરતના ઉપકારોની કોઈ સીમા નથી! હું કુદરતને ખરા દિલથી વંદન કરું છું' આ વાક્યને ધ્યાનમાં રાખીને તમારા વિચારોને વાચા આપતો નિબંધ લખો.

(v) સાથે આપેલું ચિત્ર જોઈ તમારાં મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાત લખો.



**Question 2**

**Write a letter in Gujarati of approximately 120 words on any one of the topics given below:- [7]**

**નીચેમાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૧૨૦ શબ્દોમાં ગુજરાતીમાં પત્ર લખો.**

(i) તમારા પાડોશી ઘરમાં અચાનક પડી ગયાં તે સમયે તમે તેમને કઈ રીતે મદદરૂપ થયા, કઈ રીતે પાડોશી ધર્મ બજાવ્યો? તેનું વર્ણન કરતો પત્ર તમારા મામાને લખો.

(ii) તમે જ્યાં રહો છો ત્યાં કેટલાક મહિનાથી ચોરી ખૂબ જ થાય છે. લોકોમાં ખૂબ જ ગભરાટ ફેલાયેલો છે.એ માટે યોગ્ય પગલાં લેવા પોલિસ અધિકારીને વિનંતી કરતો પત્ર લખો.

**Question 3**

**Read the passage given below and answer in Gujarati the questions that follow, using your own words as far as possible: -**

**નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો.**

દેશભક્ત સુભાષચંદ્ર બોઝ આઈ. એ. એસ.ની પરીક્ષા આપી રહ્યા હતા, મૌખિક પરીક્ષામાં તેઓ બધા પ્રશ્નોના સહેલાઈથી ઉત્તર આપી રહ્યા હતા, પરીક્ષકને લાગ્યું કે બોઝ બધા જવાબ આપી દેશે તો પરીક્ષા બરાબર નહીં ગણાય આથી તેમણે એક વીંટી મૂકી અને કહ્યું,

Pati's
ICSE ACADEMY

'મિસ્ટર બોઝ આ વીંટીમાંથી પસાર થઈ જાવ. બોઝ ક્યાં પાછા પડે તેવા હતા. તેમણે કાગળનો ટુકડો લઈ ઉપર પોતાનું નામ લખ્યું પછી કાગળવાળીને વીંટીમાંથી પસાર કરી દીધો.'

મૌખિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી લેખિત પરીક્ષા આપવાની હતી. તેમને પ્રશ્નપત્ર આપવામાં આવ્યું. લખતાં લખતાં એક વાક્ય આગળ તેઓ અટક્યા અને કહ્યું, 'આ વાકય ખોટું છે, તેને રદ કરો તો જ પરીક્ષા આપીશ.' પરીક્ષકે કહ્યું, 'વાકય સાચું છે કે ખોટું તે તમારે જોવાનું નથી . તમારે તો માત્ર ભાષાંતર કરવાનું છે.' આથી બોઝે કહ્યું કે આ વાક્ય રદ કરો, નહિતર હું પરીક્ષા નહીં આપું. તેમ કરવાની સ્પષ્ટ ના સાંભળી સુભાષચંદ્ર બોઝે કહ્યું કે આવી પરીક્ષા આપી મારે પાસ નથી થવું. તમારી આવી નોકરી કરવા હું બિલકુલ રાજી નથી. એમ કહી તેઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્રને ફાડી નાખ્યા અને ત્યાંથી નીકળી ગયા. તેમને જે વાકયનું ભાષાંતર કરવા આપ્યું હતું તેનો અર્થ એવો થતો હતો કે ભારતીય સૈનિકો મોટે ભાગે અપ્રામાણિક હોય છે. દેશનું આવું અપમાન સુભાષચંદ્ર કેવી રીતે સહન કરી શકે? રાષ્ટ્રભકિત અને દેશદાઝ ધરાવતા આવા યુવાનો જ રાષ્ટ્રની સાચી સંપત્તિ ગણાય છે. જનની અને જન્મભૂમિના રક્ષણ માટે જાનની પણ પરવા કર્યા વગર તત્પર રહેનારા યુવાનોના કારણે જ આપણી સંસ્કૃતિ અનેક આક્રમણો સામે ટકી રહી છે. આવા યુવાનો જે દેશમાં હોય તે ભારત દેશ મહાન છે.

પ્રશ્નો :

(i) સુભાષચંદ્ર બોઝ કોણ હતા? તેઓ કઈ પરીક્ષા આપી રહ્યા હતા? [2]

(ii) પરીક્ષકે મૌખિક પરીક્ષા વખતે શું કહ્યું? તેનો સુભાષબાબુએ શો જવાબ આપ્યો ? [2]

(iii) લેખિત પરીક્ષા વખતે પરીક્ષક અને સુભાષબાબુ વચ્ચે શી બોલાચાલી થઈ? તેનું શું પરિણામ આવ્યું?[2]

(iv) પ્રશ્નપત્રમાં કયું વાક્ય અપમાનજનક લાગ્યું? સુભાષબાબુ દેશદાઝ ધરાવનારા હતા એમ કઈ રીતે કહી શકાય? [2]

(v) આ પ્રસંગમાંથી તમે શું શીખ્યા? [2]

**Question 4**

**Answer the following questions according to the instructions given below:-** **[8]**

**નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો:-**

(i) 'પેટ છૂટી વાત કરવી' રૂઢિપ્રયોગ માટે યોગ્ય અર્થ પસંદ કરો.

(a) માનપૂર્વક બધી જ વાતો કરવી

(b) બધી જ વાતો માનથી કરવી

(c) મનથી બધી જ વાત ન કરવી

(d) મનની બધી જ વાત કરવી

(ii) 'ચંગ' શબ્દનો દ્વિઅર્થ પસંદ કરો.

(a) સારું, ગંદુ
(b) ચીખ્ખું, કાયદાની કલમ
(c) મોઢેથી વગાડવામાં આવતું વાજિંત્ર ,પ્રેમ
(d) ચોખ્ખું, મોઢેથી વગાડવામાં આવતું વાજિંત્ર

(iii) 'દિશા બતાવતું યંત્ર' - શબ્દસમૂહ માટે એક શબ્દ પસંદ કરો.

(a) સૂક્ષ્મદર્શક યંત્ર
(b) હોકાયંત્ર
(c) અંદાજપત્ર
(d) વર્તમાનપત્ર

(iv) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દોનો યોગ્ય વિરોધી શબ્દ પસંદ કરો.

જીવન અને _____ તો ઈશ્વરના હાથમાં છે.

(a) શોક
(b) આનંદ
(c) મરણ
(d) હાસ્ય

(v) લીટી દોરેલા શબ્દનું જાતિ (લિંગ) બદલતાં બનતું વાક્ય પસંદ કરો.

વૃદ્ધે દૂરથી જોયું કે ઘોડા પર સવાર થઈ કોઈ રાજા આવે છે.

(a) વૃદ્ધાએ દૂરથી જોયું કે ઘોડા પર સવાર થઈ કોઈ રાજા આવે છે.
(b) વિદૂષીએ દૂરથી જોયું કે ઘોડા પર સવાર થઈ કોઈ રાજા આવે છે.
(c) વિધુરે દૂરથી જોયું કે ઘોડા પર સવાર થઈ કોઈ રાજા આવે છે.
(d) વિધવાએ દૂરથી જોયું કે ઘોડા પર સવાર થઈ કોઈ રાજા આવે છે.

(vi) સાચી જોડણીવાળું વાક્ય શોધી ફરીથી લખો.

(a) માતાએ બાળકને જીવનમાં સફળતા મેળવે એવા આશિર્વાદ આપ્યાં.
(b) માતાએ બાળકને જીવનમાં સફળતા મેળવે એવા આશીર્વાદ આપ્યાં.
(c) માતાએ બાળકને જીવનમાં સફળતા મેળવે એવા આર્શીવાદ આપ્યાં.
(d) માતાએ બાળકને જીવનમાં સફળતા મેળવે એવા આર્શિવાડ આપ્યાં.

Pati's ICSE ACADEMY

(vii) નીચેના વાક્યનું ભૂતકાળ દર્શાવતું વાક્ય પસંદ કરી લખો.

આજે રમેશ અને પિતા દાદાને ઘરકામમાં મદદ કરી લખો.

(a) આજે રમેશ અને પિતા દાદાને ઘરકામમાં મદદ કરે છે.

(b) ગઈકાલે રમેશ અને પિતા દાદાને ઘરકામમાં મદદ કરશે.

(c) આવતીકાલે રમેશ અને પિતા દાદાને ઘરકામમાં મદદ કરતા હતા.

(d) રોજ રમેશ અને પિતા દાદાને ઘરકામમાં મદદ કરતા હતા.

રમેશ અને પિતા દાદાને ઘરકામમાં મદદ કરે છે.

(viii) વ્યક્તિવાચક નામનો ગુચ્છ પસંદ કરો.

(a) ઘી, રામ, લક્ષ્મણ , સીતા

(b) રામ, લક્ષ્મણ , સીતા, હનુમાન

(c) રામ, સીતા પવિત્રતા,ખારું

(d) સીતા ઘી, દૂધ, પાણી, માટી

## SECTION B (40 Marks)

*(Attempt any four questions from this Section.)*

## સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)

## SAHITYA GURJARI (POEMS)

**Question 5**

**Read the extract given below and answer in Gujarati the questions that follow:**
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'લીલિયાને ભાળી ગઈ?

મૂંગી વર્ગ હસાહસ પામી ગઈ'?

- 'એ નિશાળ એ સવાર' – કવિ સુંદરજી બેટાઈ

- 'A Nishal A Savar' – Poet Sundarji Betai

(i) શાળામાં ભણતા વિદ્યાર્થીઓનાં નામ જણાવી, તેમની વિશેષતા વિશે લખો. [2]

(ii) પહેલો ઘંટ વાગ્યો ત્યારે વર્ગમાં કોણ, કઈ રીતે આવ્યું? તેમણે મેજખાનું ખોલી શું કર્યું? [2]

(iii) શિક્ષકના પહેરવેશ અને ભણાવવાની રીતનું વર્ણન કરો. શિક્ષક ભણાવતા હતાં ત્યારે વર્ગમાં કેવું વાતાવરણ હતું? [3]

(iv) માસ્તરે પાટિયા પર શું લખ્યું? શિક્ષકના આવા વર્તનથી વિદ્યાર્થીઓ જીવનનો કયો બોધ મેળવે છે? [3]

Pati's
ICSE ACADEMY

**Read the extract given below and answer in Gujarati the questions that follow: -**
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'આવ્યું ને આલશે ને પાળ્યાં ને પાળશે,જ્યારે
ફરી અહીં ઊતરશે અમારો હંસજી'
- 'પરણામ મારા'- કવિ રામનારાયણ પાઠક
- 'Parana Mara' – Poet Ramnarayan Pathak

(i) કવિ રામનારાયણ પાઠકનો પરિચય આપો. [2]
(ii) કવિ છઠ્ઠા પ્રણામ કોને કરવાનું કહે છે? 'સાંઈ' શબ્દનો અર્થ આપો. [2]
(iii) 'ડુંગર દેખાડી ઊંચી દેરીજી'અને 'જે જે અગમનિગમની બોલ્યા વાચાજી' આ પંક્તિઓ સવિસ્તાર સમજાવો. [3]
(iv) 'માતા સંસ્કાર આપે છે અને જગત આપણી સંભાળ રાખે છે' આ વાક્યને ધ્યાનમાં રાખી પહેલા અને છેલ્લા પ્રણામ સમજાવો. [3]

**Question 7**
**Read the extract given below and answer in Gujarati the questions that follow: -**
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'ગામને પાદરિયે જાન એક આવી,
ને મારું બચપણ ખોવાયું એ જ દા'ડે'
-'પાંચીકા રમતી'તી' – કવિ મુકેશ જોશી
- 'Pachika Ramati'ti' – Poet Mukesh Joshi

(i) છોકરી બચપણમાં શું શું કરતી હતી? [2]
(ii) ઓકળિયું પાડવી એટલે શું? તેના બદલે કન્યા ક્યારે, શું પાડે છે? [2]
(iii) કાવ્યમાં આવતાં પંખી અને કૂંપળનાં પ્રતીકો સમજાવો. નાયિકા કોને પત્ર લખતી હતી? [3]
(iv) દીકરી કોને ફરિયાદ કરે છે? શી ફરિયાદ કરે છે? કયા કુરિવાજ સામે ફરિયાદ કરે છે? [3]

## સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

## SAHITYA GURJARI (SHORT STORIES)

**Question 8**
**Read the extract given below and answer in Gujarati the questions that follow:-**
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.
'આજે કાલિન્દીએ ધ્યાનસ્થ યોગી જેવા અનેક ઉચ્ચ પર્વતોના પગ ધોયા છે, આજે કાલિન્દીએ જગતનો કેટલોય મેલ પોતાના વેગમાં ખેંચી તેને દરિયામાં લુપ્ત કર્યો છે...'
-'જમાનાનું પૂર'- લેખક રામનારાયણ પાઠક
'Jamnanu Pur' – Author Ramnarayan Pathak

(i) સ્ત્રીને જુવાન અને આધેડ વયના માછીમારે શો જવાબ આપ્યો? [2]

(ii) સ્ત્રીએ નદીના પાણીમાં દીવો કઈ રીતે તરતો મૂક્યો? [2]

(iii) સ્ત્રીનું મૃત્યુ શા માટે અને કઈ રીતે થયું? [3]

(iv) વાર્તાના અંતે લેખકે કયું વાક્ય લખ્યું છે? તે દ્વારા તેઓ શું સમજાવવા માગે છે? વિસ્તારથી લખો. [3]

**Question 9**

**Read the extract given below and answer in Gujarati the questions that follow: -**

**નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.**

'ઊંડો તો શું? બિચારો થાકી ગયો છે.ને હવે કોઈક જાણે એનો મનમાં ગભરાટ છે.એનો પગ પણ એ દિશામાં હવે વધતો નથી!'

-'પરિવર્તન'- લેખક ગૌરીશંકર જોશી

-'Parivartan' - Author Gaurishankar Joshi

(i) ઉપરનું વાક્ય કોણ બોલે છે? કોને કહે છે? ક્યારે? [2]

(ii) લેખકનું ઉપનામ જણાવો. આ વાર્તા શેમાંથી લેવામાં આવી છે? [2]

(iii) કિશોરીલાલ અને તેનાં માતાપિતા વચ્ચે શું થયું હતું? તેનું પરિણામ શું આવ્યું? [3]

(iv) લલિતાબહેને કિશોરીલાલનું દિલ કઈ રીતે જીતી લીધું? કિશોરીલાલે કરેલી કઈ ભૂલ તમે ક્યારે પણ નહિ કરો? [3]

**Question 10**

**Read the extract given below and answer in Gujarati the questions that follow: -**

**નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.**

'ચોર પણ જૂઠું બોલવામાં પાકો છે હો! કહે છે કે એ તો એની તમાકુ ખલાસ થઈ ગઈ'તી તે લેવા ગયો'તો.'

- 'માજીનો પ્યાલો' – લેખક ગુલાબદાસ બ્રોકર

- 'Majino Pyalo'- Author Gulabdas Brokar

(i) લેખક ગુલાબદાસ બ્રોકરનો પરિચય આપો. [2]

(ii) માજી અને મણિલાલ વચ્ચે શો સંબંધ હતો? ઘણીવાર થઈ છતાં નોકર આવતો નથી તે વખતે માજી અને નાની વહુ સામે મણિલાલ પોતાનું કયું મંતવ્ય રજૂ કરે છે? [2]

(iii) સરલા અને કાંતિ માજીને કયા કયા પ્રશ્નો પૂછે છે? પ્યાલો ક્યાંથી મળ્યો? [3]

(iv) માજીનું પાત્રાલેખન કરો. [3]

## QUESTION PAPER 3

Nava Samaj Mandal's

# NSM SCHOOL

**Academic Year: 2025-26**

**Preliminary Examination - II**

Subject: Gujarati (Second Language)

Date : 23/12/2025 Time : 3 Hours

Std : X M. M : 80

***Answers to this Paper must be written on the paper provided separately.***

*You will **not** to be allowed to write during the first **15** minutes.*

*This time is to be spent in reading the questions paper.*

***The time given at the head of this Paper is the time allowed for writing the answers.***

---

*This paper comprises of **two** Sections: **Section A and Section B.***

*Attempt **all** the questions from **Section A.***

*Attempt **four** questions from **Section B**, answering at least **one** question each from the **two** books you have studied and **any two** other questions from the same books that you have compulsorily chosen.*

*The intended marks for questions or parts of questions are given in brackets. [ ].*

---

### Section - A (40 Marks)

*Attempt **all** questions from this Section.*

**Question 1**

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following topics :– [15]

નીચેના વિષયોમાંથી કોઈ પણ **એક** વિષય પર **ગુજરાતીમાં** આશરે **૨૫૦** શબ્દોમાં નિબંધ લખો:–

(1) ..... ને સમુદ્રતટે આથમતા સૂરજના રંગો જોતો રહ્યો / જોતી રહી.


(2) 'રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દેશભક્તિ અને રાષ્ટ્રીય ચેતનાને જાગૃત કરે છે.' - આ વિધાનને અનુરૂપ તમારા વિચારો વ્યક્ત કરો.

(3) શાળાજીવનની ખટમીઠી યાદો.

---

(4) 'તે દિવસે જો હું હિંમત હારી ગયો હોત તો.....' – આ વાક્યને ગૂંથી લેતી કોઈ એક ઘટના કે પ્રસંગ વર્ણવો.

(5) નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા લખોઃ-



**Question 2**

Write a letter in **Gujarati** in approximately **120** words on any **one** of the topics given below :- [7]

નીચેમાંથી કોઈ પણ **એક** વિષય પર આશરે **૧૨૦** શબ્દોમાં **ગુજરાતીમાં** પત્ર લખો :-

(1) અંગ્રેજી માધ્યમની શાળામાં ભણતા હોવા છતાં તમે માતૃભાષા ગુજરાતી રસપૂર્વક કઈ રીતે ભણો છો એ વિશે માહિતી આપતો પત્ર પરદેશમાં રહેતા તમારા મિત્રને લખો

(2) દિવાળીમાં ફોડવામાં આવતા ફટાકડાને લીધે થતી તકલીફની ફરિયાદ કરતો પત્ર તમારા વિસ્તારના નગરસેવકને લખો.

**Question 3**

Read the passage given below and answer in **Gujarati** the questions that follow, using your own words:-

નીચેનો પરિચ્છેદ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર **ગુજરાતીમાં** તમારા શબ્દોમાં લખોઃ-

એક દિવસ ગુરુકુળના દ્વાર પર બે યુવક આવ્યા. બંનેની ઈચ્છા જ્ઞાન મેળવવાની હતી. મનમાં અનેક સવાલો ભરેલા હતા. તર્ક વિતર્કનો પાર ન હતો. બંનેને ગુરુ સમક્ષ લઈ જવામાં આવ્યા. ગુરુએ કહ્યું: 'જ્ઞાનની વાતો તો પછી કરીશું પહેલા તમે બંને આશ્રમ માટે લાકડાં લઈ આવો, ઢગલા અલગ અલગ કરજો કેમ કે તમારા ઢગલા જોઈને જ હું શિષ્યની પસંદગી કરીશ અને એ પરથી જ જ્ઞાન આપીશ.'

બંને જણ ગયા. એક યુવકને થયું કે ગુરુ જોવા આવે એ પહેલાં હું મોટો ઢગલો કરી નાખું. આથી એણે આમતેમ જઈ સૂકા લાકડાં વીણવાને બદલે કુહાડી વડે કેટલાક ઝાડ કાપીને ઢગલો કરી દીધો. મહેનત કરવી એ એના સ્વભાવમાં ન હતું 'લીલા ઝાડ કાપવાથી હિંસા થશે, કે આ લીલા લાકડાં સળગશે કઈ રીતે?' એવો વિચાર તેને આવ્યો નહીં. આ બાજુ બીજો શિષ્ય સુકાયેલા, નીચે પડી ગયેલા, સળગવાથી હવાને સ્વચ્છ અને સુગંધિત કરે એવા લાકડાં વીણવા જંગલમાં ઠેર ઠેર ફર્યો. લીલા એક પણ ઝાડ તેણે કાપ્યાં નહીં. સાંજ પડી ત્યાં તો ગુરુ આવી બંનેની પાસે ઊભા રહ્યાં. બંનેના ઢગલા જોયા. પહેલા યુવકનો ઢગલો મોટો હતો. એટલે એના ચહેરા પર પોતે વધુ સમર્થ અને લાયક છે એવો ભાવ હતો. જ્યારે બીજા યુવકના ચહેરા પર ચિંતા અને વિનમ્રતા હતી. 'ગુરુ પોતાને શિષ્ય તરીકે લાયક ગણશે ખરા?' એ ભાવ ચહેરા પર હતો. ગુરુએ બંને યુવકને લાકડાં સળગાવવાની આજ્ઞા આપી. પહેલો યુવક ધુંઆપુંઆ થતો લાકડાં સળગાવવા લાગ્યો. તેને થયું આશ્રમના ઉપયોગ માટે લાકડાં મંગાવ્યા. પણ આ તો અહીં જંગલમાં જ લાકડાં સળગાવવાનું કહે છે. 'શું અમારા શ્રમની આટલી જ કિંમત?' ઘણો પ્રયત્ન કર્યો આંખો લાલચોળ થઈ અને વાતાવરણ ધુમાડાથી છવાઈ ગયું. પણ લીલાં લાકડાં સળગે શી રીતે? ગુસ્સામાં પાછા જવાના વિચારો કરતો હતો. જ્યારે બીજા યુવકે શંકા કર્યા વગર ગુરુ આજ્ઞા શિરે ધરી લાકડાં પેટાવ્યા. તરત જ લાકડાં પેટ્યા. સાંજનો સમય હોવાથી દૂર સુધી પ્રકાશ ફેલાઈ ગયો એટલું જ નહીં વાતાવરણ સુગંધમય થઈ ગયું. ગુરુએ બંનેની પીઠ પર હાથ મૂકી કહ્યું 'સમજાયું કશું?' તમારું મન લીલાં લાકડાં જેવું વિચારોથી ગ્રસ્ત, અહંકાર અને વાસનાના ભેજથી ભરેલું હશે તો જ્ઞાનની આગ નહીં પ્રગટે. જેણે લીલાં ઝાડને કાપી જલ્દીથી ઢગલો કરવા ઉતાવળ કરી એણે પોતાના મનમાં છુપાયેલી હિંસા અને અધીરતા પ્રગટ કરી છે અને જેણે મહેનત કરી દૂરદૂરથી સૂકા લાકડાં ભેગા કર્યા એણે અંતરની સૂઝ, સમજ, ધીરતા પ્રગટ કરી છે. પ્રથમ યુવકને પોતાની ભૂલ સમજાઈ ગઈ.

<u>સવાલો</u> :-

૧. યુવકો કોની પાસે ગયા? કયા હેતુથી ગયા? ત્યાં તેમની સમક્ષ કઈ શરત મૂકવામાં આવી? [2]

૨. બંને યુવકોએ આ શરતનું પાલન કઈ રીતે કર્યું? [2]

૩. પહેલા યુવકને કઈ વાતનો ગુસ્સો આવ્યો? [2]

૪. બંને યુવકમાંથી જ્ઞાન મેળવવાને પાત્ર કોણ કર્યું? શા માટે? [2]

૫. આ વાર્તાને યોગ્ય શીર્ષક આપી તેમાંથી મળતો બોધ તમારા શબ્દોમાં લખો. [2]

**Question 4**

Answer the following questions according to the instructions given below :- [8]

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો :-

(1) 'ખોટા વાયદા' અર્થને અનુરૂપ **રૂઢિપ્રયોગ**નું યોગ્ય વાક્ય પસંદ કરો.

(a) પિતાએ પુત્રને અગસ્ત્યના વાયદા આપ્યા.

(b) અગસ્ત્યના વાયદા આપવા યોગ્ય નથી.

(c) નેતાએ ચૂંટણી સમયે મત મેળવવા લોકોને અગસ્ત્યના વાયદા કર્યા.

(d) પિતાએ અગસ્ત્યના વાયદા તોડી નાખ્યા.

(2) 'ચૂંક' – માટે **દ્વિઅર્થ** જણાવો.

(a) છાતીનો દુઃખાવો, એક ઘરેણું

(b) પેટનો દુઃખાવો, નાકનું ઘરેણું

(c) પીઠનો દુઃખાવો, પગનું ઘરેણું

(d) પગનો દુઃખાવો, હાથનું ઘરેણું

(3) દરિયાઈ લૂંટારો – **શબ્દસમૂહ** માટે એક શબ્દ શોધો.

(a) બહારવટિયો

(b) ડાકુ

(c) ડાધુ

(d) ચાંચિયો

(4) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દનો યોગ્ય **વિરોધી** શબ્દ શોધો.

સંગ સદાય <u>સજ્જન</u> સાથે કરાય, ________ તો દૂર જ ભલો.

(a) સંગ સદાય સજ્જન સાથે કરાય, દુર્જન તો દૂર જ ભલો.

(b) સંગ સદાય સજ્જન સાથે કરાય, દાનવ તો દૂર જ ભલો.

(c) સંગ સદાય સજ્જન સાથે કરાય, કપટી તો દૂર જ ભલો.

(d) સંગ સદાય સજ્જન સાથે કરાય, લંપટ તો દૂર જ ભલો.

(5) લીટી દોરેલા શબ્દનું **લિંગ (જાતિ)** બદલતાં બનતું વાક્ય શોધો.

દહેજના દૂષણ સામે લડનારો ગામમાં એક જ મરદ હતો.

(a) દહેજના દૂષણ સામે લડનારી ગામમાં એક જ બેગમ હતી.

(b) દહેજના દૂષણ સામે લડનારી ગામમાં એક જ ઓરત હતી.

(c) દહેજના દૂષણ સામે લડનારી ગામમાં એક જ સ્ત્રી હતી.

(d) દહેજના દૂષણ સામે લડનારી ગામમાં એક જ મહિલા હતી.

(6) **સાચી જોડણી**વાળું વાક્ય શોધી ફરીથી લખો.

(a) ગાંધીજીએ દેશને સત્ય અને અહિસાનું સૂત્ર આપ્યું.

(b) ગાંધીજીએ દેશને સત્ય અને અહિંશાનું સૂત્ર આપ્યું.

(c) ગાંધીજીએ દેશને સત્ય અને અહિંસાનું સૂત્ર આપ્યું.

(d) ગાંધીજીએ દેશને સત્ય અને અહીંસાનું સૂત્ર આપ્યું.

(7) નીચેના વાક્યનું **વર્તમાનકાળ** દર્શાવતું વાક્ય શોધો.

સિંહે ભાગતા હરણનો શિકાર કર્યો.

(a) સિંહ ભાગતા હરણનો શિકાર કરવા દોડે છે.

(b) સિંહે ભાગતા હરણનો શિકાર કરી નાખ્યો છે.

(c) સિંહ ભાગતા હરણનો શિકાર કરવા લાગ્યો છે.

(d) સિંહ ભાગતા હરણનો શિકાર કરે છે.

(8) નીચેના વાક્યમાં લીટી દોરેલા શબ્દના **નામનો પ્રકાર** ઓળખો.

આ મોંઘવારીમાં પેટ્રોલ સાથે સોના-ચાંદીના ભાવ પણ વધી ગયા છે.

(a) દ્રવ્યવાચક નામ

(b) ભાવવાચક નામ

(c) જાતિવાચક નામ

(d) સમૂહવાચક નામ

## Section B (40 Marks)

*Questions from only **two** of the following textbooks are to be answered.*
*Attempt **four** questions from this Section.*
*You must answer at least **one** question from each of the **two** books, you have studied and any **two** other questions from the same books that you have chosen.*

### સાહિત્ય ગુર્જરી (કવિતા)

### SAHITYA GURJARI (POEMS)

**Question 5**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

'ભણે નરસૈયોઃ એનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે.'

**વૈષ્ણવજન' – નરસિંહ મહેતા**

(1) આ કાવ્યના કવિનો યુગ અને કાવ્યપ્રકાર જણાવી, કવિના કાવ્યોની વિશેષતા કહો. [2]

(2) ઉપરોક્ત કાવ્યપંક્તિ તમારા શબ્દોમાં સમજાવો. [2]

(3) વૈષ્ણવની વ્યાખ્યા આપી, કાવ્યમાં સાચા વૈષ્ણવના કયા કયા લક્ષણો વર્ણવ્યા છે? [3]

(4) કાવ્યને ધ્યાનમાં રાખી તમે તમારા જીવનમાં કયા ગુણ ઉતારી કઈ રીતે સાચા વૈષ્ણવ બનશો તે સમજાવો. [3]

**Question 6**

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

'રહો છો ત્યાં જોઈ ઘડીકભર હૈયું હરખતું,
પ્રશંસા કેરાં એ કદીક વળી વેણો ઊચરતું.

**બનાવટી ફૂલોને' – પ્રહલાદ પારેખ**

(1) આ કાવ્યના કવિનો યુગ જણાવો. કવિને કયું બિરુદ મળ્યું છે? આ કવિતા શેમાંથી લેવામાં આવી છે? [2]

(2) બનાવટી ફૂલોના દેખાવ અને જીવન વિશે લખો. [2]

(3) બનાવટી ફૂલોની સરખામણીમાં સાચા ફૂલો કઈ રીતે જુદા પડે છે? [3]

(4) આ કાવ્યનું રૂપક સ્પષ્ટ કરી, કાવ્યમાંથી મળતો બોધ સમજાવો. [3]

## Question 7

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

'આલ્યું ને આલશે ને પાળ્યાં ને પાળશે, જ્યારે
ફરી અહીં ઊતરશે અમારો હંસજી.'

**પરણામ મારા – રામનારાયણ પાઠક**

(1) હંસજી એટલે કોણ? જગત પ્રત્યેના ઋણનો સ્વીકાર કવિ કઈ રીતે કરે છે? [2]

(2) 'સાંઈજી'નો અર્થ જણાવી, કવિ કોને સાંઈજી કહે છે? શા માટે? [2]

(3) માનવીનું જીવન ઘડનાર કઈ ત્રણ વ્યક્તિઓ દેવ સમાન છે? તેઓ શા માટે પરણામના અધિકારી છે તે ટૂંકમાં તમારા શબ્દોમાં સમજાવો. [3]

(4) મિત્ર અને શત્રુ આ બંને માટે કવિએ કાવ્યમાં કયા શબ્દો વાપર્યાં છે અને તેમને પરણામ કરવાના કારણો સ્પષ્ટ કરો. [3]

### સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

### SAHITYA GURJARI ( SHORT STORIES)

## Question 8

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

'માજી પોતાની માંદગી ભૂલી ગયાં. તેમની ઉંમરે અને તેમની શારીરિક સ્થિતિમાં ન કલ્પી શકાય તેવી ચપળતા તેમનાં અંગોમાં આવી ગઈ. તેમણે જોરથી ડગલું ભરી પ્યાલો કાંતિના હાથમાંથી ઝૂંટવી લીધો.'

**માજીનો પ્યાલો – ગુલાબદાસ બ્રોકર**

(1) આ લેખકના કોઈ પણ બે વાર્તાસંગ્રહના નામ આપો. તેમને કયો પુરસ્કાર મળ્યો છે? [2]

(2) માજીના પ્યાલાની ચોરીનો આરોપ કોના પર આવ્યો? શા માટે? તેણે પોતાના બચાવમાં શું કહ્યું? [2]

(3) 'મણિયા, આને અહીંથી બહાર કાઢ!' આ વાક્ય કોણ, કોને કહે છે? કોને, ક્યાંથી બહાર કાઢવાની વાત છે? શા માટે? [3]

(4) આ વાર્તાનો અંત જણાવી તે દ્વારા લેખક આપણી સમક્ષ કઈ વાત મૂકે છે? [3]

Question 9

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

'એકાએક તેઓ જાણે ભાનમાં આવ્યા. આ સાથે જ દેવશંકર પાછળ લગભગ દોડવા લાગ્યા. અડધી જ મિનિટમાં એમણે દેવશંકરને પકડી પાડ્યા: 'મને માફ કરો, મહારાજ! મારી ભૂલ થઈ! તમે પાછા આવો, નહિ તો-'

**લાડુનું જમણ – પન્નાલાલ પટેલ**

(1) પન્નાલાલ પટેલે ગુજરાતી સાહિત્યના કયા કયા ક્ષેત્રમાં સર્જન કર્યું છે? તેમને શેના માટે, કયો પ્રતિષ્ઠિત પુરસ્કાર મળ્યો છે? [2]

(2) લાડુનું જમણ કયાં હતું? ક્યારે? એનો શું ભાવ હતો? લાડુ સાથે બીજું શું શું હતું? [2]

(3) દેવશંકર માસ્તરનું પાત્રાલેખન કરો. [3]

(4) દેવશંકરને લાડુ ખાવાની કોણે, શું ટકોર કરી? તેમણે દેવશંકરની માફી શા માટે માંગી અને શું વિનંતી કરી? [3]

Question 10

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

'ડોશીની સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ હતી. તેમને ભૂરીની માયા હૈયાથી છૂટતી ન હતી અને ભૂરીને ખવરાવવા ઘરમાં તણખલુંય ન હતું. તોય તેમણે આ ગડમથલ સામે ખૂબ ટક્કર ઝીલી હતી.'

**અંજળપાણી' – પીતામ્બર પટેલ**

(1) 'સાપે છછુંદર ગળવું એટલે શું?' ડોશીની આવી સ્થિતિ ક્યારે થઈ? [2]

(2) 'ભૂરી' કોણ હતી? સૂરજડોશીના જીવનમાં તેનું શું સ્થાન હતું? [2]

(3) આ વાર્તામાં કઈ કુદરતી આપત્તિનો ઉલ્લેખ છે? એવા કપરા સમયમાં ડોશીએ ભૂરીને કઈ રીતે સાચવી? [3]

(4) 'મારે ભૂરીને નથી વેચવી' આ વાક્ય ડોશી કોને કહે છે? ક્યારે? વાર્તાના અંતનો પ્રસંગ તમારા શબ્દોમાં વર્ણવો. [3]

**Scan QR code** for Free Access to
500+ Prelim Papers across 20 subjects



























